# અતરા શ્રીવાસ્તવ

– મજુલાબહેન ઉપાધ્યાય

નામ : અતરા રાજુ શ્રીવાસ્તવ (ઉ.વ. ૧૧)

અધેરી, મુબઈ

દિવસ : ૩૦, મે–૨૦૦૫.

હોશિયાર છોકરી. હસતી ખીલતી દીકરી.

જ્ઞાની અને સમજુ કન્યા.

૧૧ વર્ષની એની ઉમર. વાતમા અને વર્તનમા વ્યવહારુ. અરે, ભણવામા પણ તે છોકરી ઘણી બુદ્ધિશાળી અને નિપુણ.

પિતાનુ નામ રાજુભાઈ.

આખુ નામ રાજુ શ્રીવાસ્તવ.

રાજુ શ્રીવાસ્તવ એટલે હાસ્ય કલાકાર. હાસ્યના એ બેતાજ બાદશાહ. ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જમા તેમણે ખૂબ જ હાસ્ય રેલાવ્યુ. ભલભલાને એમણે હસાવી નાખેલા. આવા ખુલ્લા દિલના પિતાની આ દીકરી.

દીકરીને પિતા વહાલા પિતાને દીકરી વહાલી.

પરિવાર સુખી અને આનદી. ઘરમા હમેશા કિલ્લોલ છવાયેલો રહે. પિતાજી હાજર હોય ત્યારે અતરા ગુલાબની માફક ખીલી ઊઠે અને મહેકી ઊઠે. એ દીકરી માતા–પિતાની વહાલી દીકરી.

૩૦ મે, ૨૦૦૫નો દિવસ. મુબઈનો અધેરી વિસ્તાર.

બપોરનો સમય. બપોરના ૨.૩૦ વાગ્યા હતા.

અતરાએ મમ્મી સામે જોયુ. મમ્મી કપડા ગોઠવી રહ્યા હતા. અતરા અભ્યાસનુ પુસ્તક વાચતી હતી. હમેશા અભ્યાસમા રત રહેતી અતરા સમય બગાડતી નહીં.

અતરા વધુ ને વધુ ભણીને આગળ વધવા માગતી હતી. નામ કમાવવા ઇચ્છતી હતી. પિતાની જેમ કોઈ પણ યોગ્ય ક્ષેત્રમા પ્રગતિ કરવા તત્પર હતી. તેથી તો ભણવામા એકદમ એકાગ્ર બની જતી હતી.

અતરા નહાવા માટે ઊઠી.

''મમ્મી હુ નાહીને આવુ છુ.''

''સારુ, પછી પુસ્તકો ગોઠવી દેજે.''

''હા, વિષયવાર પુસ્તકો, નોટબુક વગેરે દફતરમા ગોઠવવાના છે.''

અતરા આગળ વધી.

નહાવા માટેની તૈયારી કરી. બહાર બારણુ ખખડય.

કશોક પગરવ થયો. ગમે તેમ અતરાને કઈક અજુગતુ બનતુ હોય તેવ લાગ્યુ. મનમા શકા જાગી. તેને થયુ કે કોઈક બહાર આવ્યુ લાગે છે. કોણ હતુ એ ?

અજીબ પ્રકારનો એ અવાજ સાભળીને અતરા બહારની તરફ ધસી આવી અને જોયુ તો સામે



ચાર જણા ઊભા હતા.

કોણ હતા એ ? અતરાને નવાઈ લાગી.

થોડો ડર પણ લાગ્યો. મનમા અવનવા તર્કો પણ જાગ્યા. કોણ હશે આ લોકો ? ઘરમા કઈ રીતે ઘૂસી આવ્યા હશે ? તેઓ હિતેચ્છુ હોય તેવા તો લાગતા જ ન હતા. તેમના ચહેરાનો ઇરાદો સારો ન હતો.

''કોણ છો તમે ?'' પ્રશ્ન થયો. સામેથી ઉત્તર મળ્યો નહીં.

પેલા ચાર બદમાશો પૈકીના એક જણે અચાનક આગળ આવીને અતરાની મમ્મીને ધક્કો માર્યો. સાધારણ ઝપાઝપી પછી અતરાની મમ્મી નીચે પડી ગયા. હવે વાત હદની બહાર જઈ રહી હતી. અતરાને આખીયે વાત સમજમા આવી ગઈ હતી કે કમસે કમ આ લોકોની નિયત ધમાલ મચાવવાની છે. અથવા કશીક તોડફોડ કરીને લૂટફાટ કરશે.

એકના હાથમા બદૂક હતી. બીજાના હાથમા છરો હતો.

ત્રીજાના હાથમા દડો હતો.

ચારેય જણા હથિયારધારી હતા. દરેકની આખમા ખુન્નસ હતુ. જોશ હતુ, આક્રોશ હતો. તોફાનનો અણસાર અતરાને આવી ગયો. કઈક અઘટિત બનવાની શકા દ્રઢ બની ગઈ.

કોણ છે ? એમ કહેવા માટે હોઠ ફફડાવ્યા પરતુ બદમાશોએ હુમલો  જ કરી દીધો. પ્રથમ વારના હુમલામા અતરાના મમ્મીએ માડ શરીર પર કાબૂ રાખેલો. આ વખતે તો તેઓ નીચે જ ગબડી પડયા. વાગ્યુ નહીં, ખાલી ધબાકો બોલ્યો. એક જણાએ અતરાની માતાનુ ગળુ દબાવવાનો પ્રયાસ કર્યો.

અતરાના માતા ડઘાઈ ગયા. સ્તબ્ધ બની ગયા. ચહેરા પર ભયની રેખાઓ ઊપસી આવી હતી. આખો ચકળવકળ થતી હતી. હોઠ ફફડતા હતા. શબ્દોને વાચા નહોતી મળતી.

બદમાશે માતાના માથા ઉપર બદૂક ટેકવીને કરડાકીભર્યા ઊંચા અવાજે કહ્યુ : ''ચાલો ! ઝટ કરો, મને તિજોરીની ચાવી આપો.''

અતરા ચૂપ રહી.

માતાની હાલત દયનીય હતી. શુ કરવુ તે સૂઝતુ ન હત. નાની સરખી ગફલતમા મોત આવી શકે તેમ હતુ. અજાણ્યા લોકોનો કશો ભરોસો થઈ શકે તેમ ન હતો. સ્પષ્ટપણે તેમનો ઈરાદો ખતરનાક હતો.

અતરા વિચારી રહી. તેનુ દિમાગ ઝડપથી કામ કરવા લાગ્યુ. તેને થયુ કે તે દોડીને બેડરૂમમા ઘૂસી જાય. બારીએ જઈને બૂમાબૂમ કરે. લોકોને ભેગા કરે. માતાને બચાવવાના પ્રયાસ કરે.

ધીમેથી અતરા ચાલી. પાછલા ડગલે બેડરૂમ તરફ ગઈ.

તેને આ રીતે આગળ વધતી જોઈને એક બદમાશ ચોકી ઊઠયો. તે દરમિયાન તો અતરાએ બેડરૂમમા પ્રવેશીને બારણુ બધ કરી દીધુ હતુ. બૂમબરાડા પાડતો બદમાશ ધસી ગયો. એણે બેડરૂમનુ બારણુ તોડવાનો પ્રયાસ કર્યો.

અતરાએ તાત્કાલિક તેનુ કામ શરૂ કરી દીધુ. પ્રથમ તો એણે પોલીસ થાણે ફોન કર્યો. ત્યારબાદ તાબડતોબ પિતાને ફોન જોડયો. માડીને બધી વાત કરી.

અરે, પાડાશીઓને પણ ફોન જોડયા. માડીને બધી વાત કરી. તે જરાય ડરે નહીં. થડકો ખાધો નહીં. મનમા ફડક પણ મચી નહીં. આટલી પ્રક્રિયામાથી બહાર આવ્યા પછી અતરાએ બેડરૂમની બારી ખોલીને મદદ માટે બૂમો પાડી.

''અમને બચાવો.....!''

''મારી માતાને બચાવો.''

''દોડો, કોઈ ઝટ આવો....''

વાતાવરણ ખળભળી ઊઠય. સામેની બિલ્ડિગનો ચોકીદાર અને સામેથી બે હવાલદાર દોડી આવ્યા.

આયોજનનો ફિયાસ્કો થતો જોઈને પેલા લૂટાયા તો ડઘાઈ ગયા. સ્તબ્ધ ચહેરે ચારે બાજુ જોયુ. ઘેરાઈ જવાનો ફફડાટ થયો. પછી તો તેઓ ભાગ્યા.

બદમાશો ભાગ્યા, પરતુ એમાથી બે જણા પકડાઈ ગયા. અતરાએ હિમતથી કામ કર્યું હતુ. તેની જગ્યાએ અન્ય કોઈ છોકરી હોત તો એણે આવુ સાહસ બતાવ્યુ ન હોત.

અતરા કહે છે : ‘‘આ બધુ માત્ર ૧૦ મિનિટમા જ પતી ગયુ. પરતુ એ ઘટના પછી મારી સમગ્ર જિદગી બદલાઈ ગઈ.’’

ધન્ય છે દીકરી અતરા.

■